# પગારદાર કર્મચારી લોન કરજખત

પ્રતિ, આ ફક્ત નમૂના રૂપે જ તા. ૨૩-૧૧-૨૦૨૦
સેમ્પલ છે. દ.નં.
એકાઉન્ટ નં. ૫૫૪૪૦૦૦૦૧૨૩૪

**માણસા તાલુકા ગ્રાન્ટેડ (પ્રાથમિક / માધ્યમિક / ઉ.માધ્યમિક) કર્મચારી કો.ઓ. ક્રેડીટ સોસાયટી લિ. માણસા**

આથી હું નીચે સહી કરનાર પટેલ મયંકભાઈ રામભાઈ ઉંમર ૩૫ વર્ષ શાળાનું નામ, ગામ એસ.ડી. પટેલ સાર્વ.વિદ્યાલય દેલવાડા.

માણસા તાલુકા માધ્યમિક / ઉ.મા. કર્મચારી કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી. માણસા મને મારી માગણીથી રૂા. ૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ રૂપિયા પુરા ની લોન મંજુર કરવાથી મને રૂા. ૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ રૂપિયા પુરા મળ્યા બદલની હું પાવતી આપું છું. અને આ લોન નીચેની શરતોએ મેં લીધી છે તે મને કબુલ મંજુર છે.

(૧) આ લોન ઉપર ક્રેડીટ સોસાયટી દર વર્ષે દર સેંકડે ૧૦ % ટકા પ્રમાણે વ્યાજ લેશે તે મારે કબુલ મંજુર છે. અને ક્રેડીટ સોસાયટી વ્યાજની રકમ દર છ મહિને મારા ધીરાણ ખાતે ઉધારી મને ખબર આપશે એટલે તુરત જ એ રકમ મારે ભરી આપવાની રહેશે. જો વ્યાજની રકમ હું વ્યાજ ઉધાર્યા તારીખથી પંદર દિવસમાં ન ભરું તો ક્રેડીટ સોસાયટી વ્યાજનું વ્યાજ લેશે તેમાં મારે કોઈ વાંધો લેવો નથી તથા વ્યાજનો જે દર નક્કી કરવામાં આવ્યો છે તે દરમાં ક્રેડીટ સોસાયટીની પરિસ્થિતિ પ્રમાણે ફેરફાર કરે તે મારે કબુલ મંજુર છે.

(૨) આ લોન હું માસિક રૂા. ૨૫૦૦/- અંકે રૂપિયા બે હજાર પાંચસો રૂપિયા પુરા. નો એક એવા — હપ્તાથી ભરી આપવા કબુલ છું. અને હપ્તાની રકમ મારા પગારમાંથી દર મહિને કાપી લઈ ક્રેડીટ સોસાયટી ભરપાઈ કરી આપવા મને નોકરીએ રાખનાર એસ.ડી. પટેલ. સાર્વ. વિદ્યાલય દેલવાડા. ને અધિકાર આપું છું. અને આ અંગે અલગ અધિકાર પત્ર સહી કરીને મેં ક્રેડીટ સોસાયટીને સોંપ્યો છે તે આધારે મારા પગારમાંથી માસિક હપ્તાની રકમ કાપીને ક્રેડીટ સોસાયટીમાં ભરી દેવાનો તેઓને હક્ક છે. જો હપ્તા ભરવામાં કસુર થાય તો ચઢેલા હપ્તાની રકમ દંડનીય વ્યાજ ૧૦ ટકા લેખે તથા અન્ય ખર્ચાઓ સહિત આપવા બંધાઉ છું.

(૩) મને કજા-રજા થાય તો તેવા પ્રસંગે ક્રેડીટ સોસાયટીના નાણાં મારી મિલકતમાંથી વસુલ લેવા મુખત્યાર છે અને જ્યાં સુધી ક્રેડીટ સોસાયટીનું લેણું નીકળતું હોય ત્યાં સુધી મારી મિલકત ઉપર કોઈપણ પ્રકારનો બોજો ઉત્પન્ન કરવામાં આવશે નહીં અને આ ક્રેડીટ સોસાયટીનો મારી મિલકત ઉપર પ્રથમ હક્ક રહેશે જે મારા વાલી વારસોને સુદ્ધાંને કબુલ મંજુર છે.

(૪) ક્રેડીટ સોસાયટીના હાલમાં અમલમાં છે. તે અને હવે પછી અમલમાં આવે તે તમામ ધીરાણ અંગેના નિયમો પાળવા બંધાઉ છું.

માણસા. (ઉ.ગુ.)
તા. - -૨૦૦

આખી સહી [signature]
પટેલ મયંક રામભાઈ.

Scanned by CamScanner

જામીનદારની કબુલાત

હું/અમો આ ફક્ત નમૂના પૂરતું કામ છે.

| | નામ | ઉંમર | ધંધો | શાળાનું નામ |
|---|---|---|---|---|
| (૧) | પટેલ હેમંતકુમાર એસ. | 38 | શિક્ષક | શેઠ એમ.ડી. હાઇ. પુંધરા |
| (૨) | પટેલ અમીતકુમાર જી. | 36 | શિક્ષક | એસ.ડી. પટેલ. સાવ. વિદ્યાલય દેલવાડા |

———— ના આ ઉપરથી સહી કરનાર જામીન થાઉં છું. / થઈએ છીએ અને કબુલાત આપું છું. / આપીએ છીએ કે માણસા તાલુકા માધ્યમિક / ઉ.મા. કો. ઓ. ક્રેડીટ સોસાયટી લી. માણસામાંથી

શ્રી પટેલ મયંકભાઈ રતીભાઈ.

એ તારીખ 23/11/2020 ના રોજ ઉપર લખેલા લખાણાની એ રૂા. 1,00,000/-

અંકે રૂપિયા એક લાખ રૂપિયા પૂરા પુરા પગારદાર કર્મચારી લોન ગોઠવણીની રૂએ ક્રેડીટ સોસાયટીનું વ્યાજ સાથે કંઈ લેણું થાય તો તે રકમની સલામતી માટે હું / અમો રાજીખુશીથી જામીન થાઉં છું. / થઈએ છીએ અને પેટા કાયદા અને નિયમોની રૂએ ક્રેડીટ સોસાયટી જ્યારે માગે ત્યારે હું/અમો નીકળતી બાકી રકમ વસુલ આપવા બંધાઉં છું. / બંધાઈએ છીએ અને તેમ કરવામાં કસુર કરૂ / કરીએ તો તે રકમ મારી / અમારી બધાની તેમજ અમારા પૈકીની ગમે તેની જાતથી તથા તમામ પ્રકારની માલ મિલ્કતથી ક્રેડીટ સોસાયટી વસુલ કરી શકે તે વાતની સાક્ષીને માટે આજને રોજ મેં / અમોએ આ નીચે મારી / અમારી સહી કરી છે. તે કબુલ મંજુર છે. કરજદાર સદરહું રકમ તથા વ્યાજ ભરપાઈ કરવામાં કસુર કરે તો હું / અમો તમામ ખર્ચ તથા દંડનીય વ્યાજ સહિત ક્રેડીટ સોસાયટીને ભરપાઈ કરી આપવા બંધાઉં છું. / બંધાઈએ છીએ.

ઉપર મુજબની જામીનગીરી તરીકેની કબુલાત મેં/અમોએ રાજીખુશીથી, અક્કલ હોશિયારીમાં બીન કેફે લગી આપી છે તે મને / અમને તથા મારા / અમારા વાલી, વારસ, મુખત્યાર સુદ્ધાંને કબુલ મંજૂર છે. તે સહી ———— વાર ————

આખી સહી

જામીન (૧) HS/[signature] પટેલ હેમંતકુમાર. એસ.

(૨) AB/[signature] પટેલ અમિતકુમાર. જી.

પ્રમુખ/મંત્રીશ્રી,

માણસા તાલુકા માધ્ય/ઉ.મા. કર્મચારી કો-ઓ. ક્રેડીટ સોસાયટી લી.

મુ. માણસા

અમારી શાળાના કર્મચારી શ્રી પટેલ મયંકભાઈ રતીભાઈ.

હોદ્દો શિક્ષક ની અરજી ધ્યાનમાંલઇ આપશ્રીએ જે રૂા. 1,00,000/-

અંકે રૂપિયા એક લાખ રૂપિયા પૂરા લોન આપે છે. જેનો હપ્તો પગારમાંથી કાપી લઇ ક્રેડીટ સોસાયટીને અરજી સાથે આપેલ બાંહેધરી મુજબ આગામી જાન્યુઆરી માસથી રૂા. 2500/- તેમના પગારમાંથી કપાત કરી તે ક્રેડીટ સોસાયટીને મોકલી આપીશ.

તા. - -200

આચાર્ય

શાળાનું નામ :

શાળાના નામ અને સરનામાનો સિક્કો લગાવવો

આચાર્યશ્રીના સહી-સિક્કા લગાવવા.

Scanned by CamScanner